**<u>વિજાપુર ના મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. વિજાપુર</u>**

ક્રિમીનલ કેસ નં.૪૧૮/૨૦૧૯

આંક –

ફરીયાદી :: શ્રીસરકાર

વિરૂદ્ધ

આરોપી:: (૧) મેમણ મકસુદભાઈ રસુલભાઈ

(૨) રાઠોડ હરજીતસિંહ અભેન્દ્રસિંહ

રહે નં.૧– કીફાયતનગર, સવગઢ, તા.હિંમતનગર, જી,સાબરકાંઠા,

રહે–નં.૨–જુના સંઘપુર, તા.વિજાપુર, જી.મહેસાણા

------------------------------------

ગુનો:– આઈ. પી. સી. કલમ–૩૭૯,૧૧૪ તથા માઈન્સ એન્ડ મીનરલ્સ એક્ટ ૧૯૫૭ ની કલમ– ૪(૧),૪(૧)એ તથા ગુજરાત ખનીજ નિયમ ૨૦૦૫ ની કલમ– ૩,૫,૬ તથા ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમ ૪ નો ભંગ મુજબ

------------------------------------

**–:(કમિટલ હુક મ):–**

આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકતો એવી છે કે,

(૧) આ કામના આરોપી ઓ વિરૂધ્ધ વિજાપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૧૧/૨૦૧૭ થી આઈ. પી. સી. કલમ–૩૭૯,૧૧૪ તથા માઈન્સ એન્ડ મીનરલ્સ એક્ટ ૧૯૫૭ ની કલમ– ૪(૧),૪(૧)એ તથા ગુજરાત ખનીજ નિયમ ૨૦૦૫ ની કલમ– ૩,૫,૬ તથા ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમ ૪ નો ભંગ નો ગુનો નોધાયેલ, જે અનુસંધાને અત્રેની અદાલતમાં ઉપરોકત નંબરથી ચાર્જશીટ કરવામા આવેલ છે.

(૨) સદરહું કેસના આરોપી ઓ ને સમન્સ કરતા,આરોપીઓ આજરોજ અત્રેની અદાલતમાં હાજર થતા, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો પૂરી પાડયાની ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૦૮

અન્વયે ખાતરી કરેલ છે. આરોપી ઓ ને પુછતાં, તેઓ પોતાનાં સ્વખર્ચે વકીલ રોકેલ છે તેવું જણાવેલ છે.

(૩) સદરહું કેસના ફરિયાદીની ફરિયાદ હકીકત તથા તપાસના કાગળો જોતાં, સદરહું આરોપી ઓ સામે નો ગુનો ધ્યાને લઈ એ તો સદરહુ ગુના ની ન્યાયીક કાર્યવાહી ચલાવવા ની સતા નામદાર સેશન્સ કોર્ટને છે , અત્રેની અદાલતને નથી , જેથી ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૦૯ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–::(હુકમ)::–</u>**

– આ કામના આરોપી ઓ સામેનો કેસ ક્રિમી. પ્રોસી. કોડની કલમ – ૨૦૯ અન્વયે, નામ. સેશન્સ અદાલત, મહેસાણાના ને કમિટ કરવાનો હુકમ કરવામા આવે છે.

– સદરહું કેસનું તમામ રેકર્ડ, પ્રોસીડીંગ્સ તથા મુદ્દામાલ સાથે નામ. સેશન્સ અદાલત સમક્ષ તા. ૨૯/૦૪/૨૦૨૬_પહેલાં મોકલી આપવું.

– આ હુકમની જાણ સંબંધિત મહેસાણા નાં જિલ્લા સરકારી વકીલશ્રીને કરવી. આ કેસની હવે પછીની તા.૨૯/૦૪/૨૦૨૬ ની મુકરર કરવામાં આવેલ છે, જેની જાણ આરોપી ઓ ને અ ત્રેથી કરવામાં આવેલ છે.

આ હુકમ આજ તારીખ– ૨૫મી માર્ચ –૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી – સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ: વિજાપુર

તા. ૨૫/૦૩/૨૦૨૬

**(ધર્મેન્દ્રકુમાર અશોકભાઈ પટેલ )**
**એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
વિજાપુર, કોડ નં.જી.જે. ૦૧૨૨૮